કાંડમાં પકડાયેલા વહાબે ISIને પહોંચાડેલા સિમકાર્ડ સુધી પગેરુ પકડાયું

જાસૂસી કાંડ: આસામના જવાનને મળેલા મેસેજથી ISIનો ભાંડો ફૂટ્યો

વોઈસ મેસેજમાં બોલનાર પર શંકા જતાં આર્મી ઈન્ટેલિજન્સ સક્રિય બન્યું

। અમદાવાદ ।

આસામના આર્મી ઓફિસરને સપ્ટેમ્બર મહિનામાં અમદાવાદના નંબર પરથી વોઈસ તેમજ ટેક્સ મેસેજ આવ્યો હતો. જેમાં EPPOની વિગતો અપડેટ કરવા એક લિંક પણ મોકલવામાં આવી હતી. જે લિંક ઓપન કરતા આર્મી જવાને શંકાઓ થતા તેણે તાત્કાલિક ઉચ્ચ અધિકારીને જાણ કરી હતી. બાદમાં સાયબર ક્રાઇમને જાણ કરતા ભાંડો ફૂટ્યો હતો. આસામમાં ફરજ બજાવતા એક આર્મી ઓફિસરને ગત, સપ્ટેમ્બર માસમાં વિજયકુમાર શર્માના નામે વોઈસ તેમજ ટેક્સ મેસેજ આવ્યો હતો. વોઈસ મેસેજમાં તે આર્મી ઓફિસર હોવાનું પણ તેણે જણાવ્યુ હતુ. બાદમાં શર્માએ આર્મી ઓફિસરને મેસેજ કર્યો કે, તમે EPPO (ઈલેકટ્રોનિક પેન્શન પેમેન્ટ ઓર્ડર)ની વિગતો અપડેટ કરો તેમ કહીને લિંક મોકલી હતી. આર્મી ઓફિસરે લિંક ઓપન કરતા વેબ એડ્રેસમાં ક્યાંય પણ "GOV" લખેલુ ન હતુ. જેથી આર્મી ઓફિસરને લિંક તેમજ વોઈસ મેસેજ પર શંકા થતા તેણે તાત્કાલિક મિલિટરી ઈન્ટેલિજન્સને જાણ કરી હતી. જેથી મિલિટરીના અધિકારીએ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ અને સાઈબર ક્રાઇમને જાણ કરી હતી. આર્મી ઓફિસરને આવેલ વોઈસ મેસેજમાં ગુડ ઈવનિંગ સર, સિનિયર ઓફિસર વિજયકુમાર શર્મા પ્લીઝ EPPOની વિગતો ભરો. આ મેસેજ તેમજ વેબની લિંક પર શંકા થતાં જેના પરથી મેસેજ આવ્યો કે નંબરની તપાસ કરી હતી. વેબસાઈટ પાકિસ્તાનના ISI દ્વારા બનાવવામાં આવી હોવાનો ભાંડો ફૂટ્યો હતો. વધુમાં જાણવા મળ્યુ કે, આ નંબર કાલુપુરમાંથી ઝડપાયેલ આઈએસઆઈ એજન્ટ અબ્દુલ વહાબ પઠાણે પાકિસ્તાન એમ્બેસીના કર્મી શફાકત જટોઈને આપ્યો હતો. અબ્દુલે વર્ષ ૨૦૧૭થી ૨૦૧૯ દરમ્યાન પાકિસ્તાની વિઝા અને પૈસાના બદલામાં શફાકત જટોઈને ૧૫ ભારતીય સીમ કાર્ડ આપ્યા હતા. જટોઈએ વર્ષ ૨૦૧૯ના અંતમાં ભારત છોડીને જતો રહ્યો હતો.

દિલ્હી-મુંબઈ પછી હવે અન્ય રાજ્યોમાં વ્યાપ વધશે

ગુજરાતમાં ગંભીર કેસ વધતાં ATSની બાજુમાં જ હવે NIAનું પોલીસ સ્ટેશન

। અમદાવાદ ।

ગુજરાતમાં રાજદ્રોહ, નારકોટિકસ સહિતના ગુનાનું પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યુ છે ત્યારે કેન્દ્રના ગૃહવિભાગ દ્વારા ગુજરાતમાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) એટીએસની કચેરીની બાજુમાં ટેમ્પરી પોલીસ સ્ટેશન ઊભું કર્યુ છે. કેન્દ્ર સરકાર દ્વારા અમદાવાદ સહિત દિલ્હી સહિત ૨૦ રાજયોમાં ૪૩ આસિસ્ટન્ટ પોલીસ સબ ઈન્સ્પેકટર અને ૨૪ હેડ કોન્સ્ટેબલની ભરતી માટે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં કેટલાક સ્ટાફની ભરતી કરી હોવાનું જાણવા મળે છે. સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાતમાં ૧૫ જેટલા કેસોની તપાસ દિલ્હી તથા મુંબઈ એનઆઈએના અધિકારીઓ દ્વારા કરીને ચાર્જશીટ અમદાવાદની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા છે. જેમાં કેસોની મુદત તથા આરોપીઓની તપાસ માટે વખતો વખત એનઆઈએના અધિકારીઓને અમદાવાદ આવવું પડતું હોય છે. જેના લીધે કેન્દ્રના ગૃહવિભાગ દ્વારા ગુજરાતના અમદાવાદમાં એનઆઈએ ટેમ્પરી પોલીસ મથક ઊભું કર્યુ હોવાનું જાણવા મળે છે. દેશ વિરોધી પ્રવૃત્તિઓ, નારકોટિકસ, બનાવટી નોટો સહિતના મામલે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીની કેન્દ્ર સરકારે રચના કરી છે. જે દેશભરમાં બનેલા ગંભીર ગુનાઓની તપાસ કરતી હોય છે. ગુજરાતમાં છેલ્લા ઘણા વર્ષોમાં દેશ વિરોધી પ્રવૃત્તિ, બનાવટી નોટો અને નારકોટિકસની હેરાફેરીની ઘટના વધી ગઈ છે. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા પંદર થી વધુ કેસોની તપાસ એનઆઈએને સોંપી હતી.દીલ્હી તથા મુંબઈ એનઆઈએના અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરીને આરોપીઓની ધરપકડ કરીને અમદાવાદની કોર્ટમાં ચાર્જશીટ પણ રજૂ કર્યા હતા.

ASI, હેડ કોન્સ્ટેબલ સહિતની ભરતી પણ થવા માંડી

સંકુલ ટેનિસ એસો.ને આપવા રિવરફ્રન્ટ લિ.ના ચેરમેનનો આગ્રહ

મ્યુનિ. સ્પોર્ટ્સ સંકુલ ચલાવવાના પ્રશ્ને ભાજપ-કેશવ વર્મા વચ્ચે ભારે મતભેદો

ભાજપના પદાધિકારીઓનો ઈનકાર : સિંધુભવન રોડ પર ફન ગેમ્સ રિવરફ્રન્ટની દરખાસ્ત ટલ્લે

। અમદાવાદ ।

સાબરમતી રિવરફ્રન્ટના પાલડી સ્થિત એન.આઈ.ડી. પાછળ બાંધવામાં આવેલા વિશાળ સ્પોર્ટ્સ સંકુલને રમતગમતની પ્રવૃત્તિઓ વિકસાવવા માટે જનભાગીદારીથી ચલાવવા આપવાના પ્રશ્ને સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનમાં સરકાર નિયુક્ત ચેરમેન કેશવ વર્મા અને મ્યુનિ. કોર્પોરેશનના શાસક પક્ષ ભાજપના પદાધિકારીઓ વચ્ચે ભારે મતભેદો સર્જાતા સ્પોર્ટ્સ સંકુલના ટેન્ડર અંગે મડાગાંઠ ઊભી થવા પામી છે એટલું જ નહીં ભાજપના પદાધિકારીઓએ સિંધુભવન રોડ પરના ફન ગેમ્સ કહો કે, ફન પોઈન્ટ રિવરફ્રન્ટ બનાવવાની એક દરખાસ્તને કેશવ વર્મા ટલ્લે ચઢાવી રહ્યા હોવાની એક ચર્ચા છેલ્લા એક મહિનાથી મ્યુનિ. ગલિયારીઓમાં ચર્ચાના ચગડોળે ચઢી છે. દેખીતી રીતે જ સાબરમતી રિવરફ્રન્ટના વિકાસના ભાગરૂપે પાલડી એન.આઈ.ડી. પાછળ સ્પોર્ટ્સ સંકુલ બાંધવામાં આવ્યું છે, આ સ્પોર્ટ્સ સંકુલમાં સ્કેટિંગ રિંગ, ટેનિસ વગેરેની સુવિધાઓ ઊભી કરવામાં આવી છે પરંતુ તેના વપરાશ અંગેની કોઈ નીતિ કે ફોર્મ્યુલા સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા નક્કી કરવામાં ન આવતા તથા મ્યુનિ. ભાજપના પદાધિકારીઓએ સૂચવેલી ફોર્મ્યુલા અંગે રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ.ના બોર્ડ ઑફ મૅનેજમેન્ટ કોઈ દાદ ન આપતા દોઢ વર્ષ સુધી સ્પોર્ટ્સ સંકુલ વપરાશ વિના પડી રહ્યું હતું પરંતુ તાજેતરમાં ઉદમી નેશનલ ગેમ્સની સ્પર્ધાના કારણે તેનો કામચલાઉ વપરાશ શરૂ કરવામાં આવ્યો છે.

આ સ્થિતિમાં પેલા સંયુક્ત ભાગીદારીથી સ્પોર્ટ્સ સંકુલ ચલાવવાની ફોર્મ્યુલા અને તે અંગેના ટેન્ડરની ચર્ચા આરંભાતા રિવરફ્રન્ટ ડેવલપમેન્ટના ચેરમેન કેશવ વર્મા ગુજરાત ટેનિસ એસોસિએશનને જ સ્પોર્ટ્સ ચલાવવા આપવાનો આગ્રહ કરી રહ્યા છે, જેનો ભાજપના પદાધિકારીઓ ઈનકાર કરી રહ્યા છે.

સંદેશ
APPOINTMENT advantage
Job Openings
દર મંગળવાર, ગુરુવાર અને શનિવાર

નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ, અમદાવાદ બેન્ચ સમક્ષ સીએ (સીએએ) / ૫૧ (એએચએમ) ૨૦૨૨

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની બાબતમાં અને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમો ૨૩૦-૨૩૨ને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની અન્ય સંબંધિત જોગવાઈઓ સાથે વંચાણે લીધા મુજબની બાબતમાં અને અદાણી પાવર મહારાષ્ટ્ર લિમિટેડની બાબતમાં અને અદાણી પાવર રાજસ્થાન લિમિટેડની બાબતમાં અને ઉડુપી પાવર કોર્પોરેશન લિમિટેડની બાબતમાં અને રાયપુર એનર્જેન લિમિટેડની બાબતમાં અને રાયગઢ એનર્જી જનરેશન લિમિટેડની બાબતમાં અને અદાણી પાવર (મુંદ્રા) લિમિટેડની બાબતમાં અને અદાણી પાવર લિમિટેડની બાબતમાં અને અદાણી પાવર મહારાષ્ટ્ર લિમિટેડ અને અદાણી પાવર રાજસ્થાન લિમિટેડ અને ઉડુપી પાવર કોર્પોરેશન લિમિટેડ અને રાયપુર એનર્જેન લિમિટેડ અને રાયગઢ એનર્જી જનરેશન લિમિટેડ અને અદાણી પાવર (મુંદ્રા) લિમિટેડના અદાણી પાવર લિમિટેડમાં અમાલગેમેશનની સ્કીમની બાબતમાં

આદરણીય નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ, અમદાવાદ બેન્યના તા. ૨૦/૯/૨૦૨૨ના આદેશ દ્વારા ઉડુપી પાવર કોર્પોરેશન લિમિટેડના સીક્યોર્ડ તથા અનસીક્યોર્ડ કેડિટર્સની મિટિંગ્સ માટેની નોટીસ અને નોટીસની જાહેરખબર બાબતે

આથી વિનંતી કરવામાં આવે છે કે તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૨ની નોટીસમાં (કે જે તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના "સંદેશ" ન્યુઝ પેપરમાં છાપવામાં આવેલ) અરજદાર કંપની ૩/ત્રીજી ટ્રાન્સફરર કંપની તરીકે "અદાણી પાવર મહારાષ્ટ્ર લિમિટેડ" દર્શાવેલ છે તેના બદલે "ઉડુપી પાવર કોર્પોરેશન લિમિટેડ" તરીકે વાંચવું;

તથા

ઉપરોક્ત ઉલ્લેખાયેલ નોટીસમાં મિટિંગ્સના વર્ગ ની નીચે અ.નં.૨ માં "સીક્યોર્ડ કેડિટર્સ" દર્શાવેલ, જેના બદલે "અન સીક્યોર્ડ કેડિટર્સ" તરીકે વાંચવું.

આ જણાવેલ સુધારાને તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૨ની નોટીસ સાથે સંયુક્ત રીતે વાંચવામાં આવશે. નોટીસનો આ જણાવેલ સુધારો અદાણી પાવર લિમિટેડની વેબસાઇટ: www.adanipower.com પર ઉપલબ્ધ છે.

સહી/-
આદરણીય **શ્રી જસ્ટીસ કે. એ. પુજ**
સીક્યોર્ડ કેડિટર્સ માટેની મીટિંગ્સના નિમાયેલા ચેરમેન

સહી/-
આદરણીય **શ્રી જસ્ટીસ જે. સી. ઉપાધ્યાય**
અનસીક્યોર્ડ કેડિટર્સ માટેની મીટિંગ્સના નિમાયેલા ચેરમેન

તારીખ: ૧૦મી ઓક્ટોબર, 2022
સ્થળ: અમદાવાદ

ઉડુપી પાવર કોર્પોરેશન લિમિટેડ
કોર્પોરેટ આઈડેન્ટીટી નંબર (CIN) – U31909GJ1996PLC125650
રજીસ્ટર્ડ ઓફિસ: અદાણી કોર્પોરેટ હાઉસ, શાંતિગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, એસ. જી. હાઈવે, ખોડિયાર, અમદાવાદ ૩૮૨ ૪૨૧, ગુજરાત, ભારત
ફોન નં. + 91-79-2656 7555; **ઈ-મેઈલ:** investor.apl@adani.com; **વેબસાઈટ:** www.adanipower.com

નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ, અમદાવાદ બેન્ચ સમક્ષ સીએ (સીએએ) / ૫૧ (એએચએમ) ૨૦૨૨

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની બાબતમાં અને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમો ૨૩૦-૨૩૨ને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની અન્ય સંબંધિત જોગવાઈઓ સાથે વંચાણે લીધા મુજબની બાબતમાં અને અદાણી પાવર મહારાષ્ટ્ર લિમિટેડની બાબતમાં અને અદાણી પાવર રાજસ્થાન લિમિટેડની બાબતમાં અને ઉડુપી પાવર કોર્પોરેશન લિમિટેડની બાબતમાં અને રાયપુર એનર્જેન લિમિટેડની બાબતમાં અને રાયગઢ એનર્જી જનરેશન લિમિટેડની બાબતમાં અને અદાણી પાવર (મુંદ્રા) લિમિટેડની બાબતમાં અને અદાણી પાવર લિમિટેડની બાબતમાં અને અદાણી પાવર મહારાષ્ટ્ર લિમિટેડ અને અદાણી પાવર રાજસ્થાન લિમિટેડ અને ઉડુપી પાવર કોર્પોરેશન લિમિટેડ અને રાયપુર એનર્જેન લિમિટેડ અને રાયગઢ એનર્જી જનરેશન લિમિટેડ અને અદાણી પાવર (મુંદ્રા) લિમિટેડના અદાણી પાવર લિમિટેડમાં અમાલગેમેશનની સ્કીમની બાબતમાં

આદરણીય નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ, અમદાવાદ બેન્યના તા. ૨૦/૯/૨૦૨૨ના આદેશ દ્વારા રાયગઢ એનર્જી જનરેશન લિમિટેડના સીક્યોર્ડ તથા અનસીક્યોર્ડ કેડિટર્સની મિટિંગ્સ માટેની નોટીસ અને નોટીસની જાહેરખબર બાબતે

આથી વિનંતી કરવામાં આવે છે કે તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૨ની નોટીસમાં (કે જે તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના "સંદેશ" ન્યુઝ પેપરમાં છાપવામાં આવેલ) અરજદાર કંપની ૫/પાંચમી ટ્રાન્સફરર કંપની તરીકે "અદાણી પાવર મહારાષ્ટ્ર લિમિટેડ" દર્શાવેલ છે તેના બદલે "રાયગઢ એનર્જી જનરેશન લિમિટેડ" તરીકે વાંચવું;

તથા

ઉપરોક્ત ઉલ્લેખાયેલ નોટીસમાં મિટિંગ્સના વર્ગ ની નીચે અ.નં.૨ માં "સીક્યોર્ડ કેડિટર્સ" દર્શાવેલ, જેના બદલે "અન સીક્યોર્ડ કેડિટર્સ" તરીકે વાંચવું.

આ જણાવેલ સુધારાને તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૨ની નોટીસ સાથે સંયુક્ત રીતે વાંચવામાં આવશે. નોટીસનો આ જણાવેલ સુધારો અદાણી પાવર લિમિટેડની વેબસાઇટ: www.adanipower.com પર ઉપલબ્ધ છે.

સહી/-
આદરણીય **શ્રી જસ્ટીસ કે. એ. પુજ**
સીક્યોર્ડ કેડિટર્સ માટેની મીટિંગ્સના નિમાયેલા ચેરમેન

સહી/-
આદરણીય **શ્રી જસ્ટીસ જે. સી. ઉપાધ્યાય**
અનસીક્યોર્ડ કેડિટર્સ માટેની મીટિંગ્સના નિમાયેલા ચેરમેન

તારીખ: ૧૦મી ઓક્ટોબર, 2022
સ્થળ: અમદાવાદ

રાયગઢ એનર્જી જનરેશન લિમિટેડ
કોર્પોરેટ આઈડેન્ટીટી નંબર (CIN) – U40102GJ1995PLC114182
રજીસ્ટર્ડ ઓફિસ: અદાણી કોર્પોરેટ હાઉસ, શાંતિગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, એસ. જી. હાઈવે, ખોડિયાર, અમદાવાદ ૩૮૨ ૪૨૧, ગુજરાત, ભારત
ફોન નં. + 91-79-2656 7555; **ઈ-મેઈલ:** investor.apl@adani.com; **વેબસાઈટ:** www.adanipower.com

નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ, અમદાવાદ બેન્ચ સમક્ષ સીએ (સીએએ) / ૫૧ (એએચએમ) ૨૦૨૨

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની બાબતમાં અને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમો ૨૩૦-૨૩૨ને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની અન્ય સંબંધિત જોગવાઈઓ સાથે વંચાણે લીધા મુજબની બાબતમાં અને અદાણી પાવર મહારાષ્ટ્ર લિમિટેડની બાબતમાં અને અદાણી પાવર રાજસ્થાન લિમિટેડની બાબતમાં અને ઉડુપી પાવર કોર્પોરેશન લિમિટેડની બાબતમાં અને રાયપુર એનર્જેન લિમિટેડની બાબતમાં અને રાયગઢ એનર્જી જનરેશન લિમિટેડની બાબતમાં અને અદાણી પાવર (મુંદ્રા) લિમિટેડની બાબતમાં અને અદાણી પાવર લિમિટેડની બાબતમાં અને અદાણી પાવર મહારાષ્ટ્ર લિમિટેડ અને અદાણી પાવર રાજસ્થાન લિમિટેડ અને ઉડુપી પાવર કોર્પોરેશન લિમિટેડ અને રાયપુર એનર્જેન લિમિટેડ અને રાયગઢ એનર્જી જનરેશન લિમિટેડ અને અદાણી પાવર (મુંદ્રા) લિમિટેડના અદાણી પાવર લિમિટેડમાં અમાલગેમેશનની સ્કીમની બાબતમાં

આદરણીય નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ, અમદાવાદ બેન્યના તા. ૨૦/૯/૨૦૨૨ના આદેશ દ્વારા અદાણી પાવર રાજસ્થાન લિમિટેડના સીક્યોર્ડ તથા અનસીક્યોર્ડ કેડિટર્સની મિટિંગ્સ માટેની નોટીસ અને નોટીસની જાહેરખબર બાબતે

આથી વિનંતી કરવામાં આવે છે કે તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૨ની નોટીસમાં (કે જે તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના "સંદેશ" ન્યુઝ પેપરમાં છાપવામાં આવેલ) અરજદાર કંપની ૨/બીજી ટ્રાન્સફરર કંપની તરીકે "અદાણી પાવર મહારાષ્ટ્ર લિમિટેડ" દર્શાવેલ છે તેના બદલે "અદાણી પાવર રાજસ્થાન લિમિટેડ" તરીકે વાંચવું;

તથા

ઉપરોક્ત ઉલ્લેખાયેલ નોટીસમાં મિટિંગ્સના વર્ગ ની નીચે અ.નં.૨ માં "સીક્યોર્ડ કેડિટર્સ" દર્શાવેલ, જેના બદલે "અન સીક્યોર્ડ કેડિટર્સ" તરીકે વાંચવું.

આ જણાવેલ સુધારાને તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૨ની નોટીસ સાથે સંયુક્ત રીતે વાંચવામાં આવશે. નોટીસનો આ જણાવેલ સુધારો અદાણી પાવર લિમિટેડની વેબસાઇટ: www.adanipower.com પર ઉપલબ્ધ છે.

સહી/-
આદરણીય **શ્રી જસ્ટીસ કે. એ. પુજ**
સીક્યોર્ડ કેડિટર્સ માટેની મીટિંગ્સના નિમાયેલા ચેરમેન

સહી/-
આદરણીય **શ્રી જસ્ટીસ જે. સી. ઉપાધ્યાય**
અનસીક્યોર્ડ કેડિટર્સ માટેની મીટિંગ્સના નિમાયેલા ચેરમેન

તારીખ: ૧૦મી ઓક્ટોબર, 2022
સ્થળ: અમદાવાદ

અદાણી પાવર રાજસ્થાન લિમિટેડ
કોર્પોરેટ આઈડેન્ટીટી નંબર (CIN) –U40104GJ2008PLC052743
રજીસ્ટર્ડ ઓફિસ: અદાણી કોર્પોરેટ હાઉસ, શાંતિગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, એસ. જી. હાઈવે, ખોડિયાર, અમદાવાદ ૩૮૨ ૪૨૧, ગુજરાત, ભારત
ફોન નં. + 91-79-2656 7555; **ઈ-મેઈલ:** investor.apl@adani.com; **વેબસાઈટ:** www.adanipower.com

નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ, અમદાવાદ બેન્ચ સમક્ષ સીએ (સીએએ) / ૫૧ (એએચએમ) ૨૦૨૨

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની બાબતમાં અને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમો ૨૩૦-૨૩૨ને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની અન્ય સંબંધિત જોગવાઈઓ સાથે વંચાણે લીધા મુજબની બાબતમાં અને અદાણી પાવર મહારાષ્ટ્ર લિમિટેડની બાબતમાં અને અદાણી પાવર રાજસ્થાન લિમિટેડની બાબતમાં અને ઉડુપી પાવર કોર્પોરેશન લિમિટેડની બાબતમાં અને રાયપુર એનર્જેન લિમિટેડની બાબતમાં અને રાયગઢ એનર્જી જનરેશન લિમિટેડની બાબતમાં અને અદાણી પાવર (મુંદ્રા) લિમિટેડની બાબતમાં અને અદાણી પાવર લિમિટેડની બાબતમાં અને અદાણી પાવર મહારાષ્ટ્ર લિમિટેડ અને અદાણી પાવર રાજસ્થાન લિમિટેડ અને ઉડુપી પાવર કોર્પોરેશન લિમિટેડ અને રાયપુર એનર્જેન લિમિટેડ અને રાયગઢ એનર્જી જનરેશન લિમિટેડ અને અદાણી પાવર (મુંદ્રા) લિમિટેડના અદાણી પાવર લિમિટેડમાં અમાલગેમેશનની સ્કીમની બાબતમાં

આદરણીય નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ, અમદાવાદ બેન્યના તા. ૨૦/૯/૨૦૨૨ના આદેશ દ્વારા અદાણી પાવર લિમિટેડના ઇક્વિટી શેરહોલ્ડર્સ, સીક્યોર્ડ કેડિટર્સ અને અનસીક્યોર્ડ કેડિટર્સની મિટિંગ્સ માટેની નોટીસ અને નોટીસની જાહેરખબર બાબતે

આથી વિનંતી કરવામાં આવે છે કે તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૨ની નોટીસમાં (કે જે તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના "સંદેશ" ન્યુઝ પેપરમાં છાપવામાં આવેલ) "અરજદાર કંપની ૭/સાતમી ટ્રાન્સફરર કંપની" તેમ દર્શાવેલ છે, તેના બદલે "અરજદાર કંપની ૭/ટ્રાન્સફરી કંપની" તરીકે વાંચવું.

આ જણાવેલ સુધારાને તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૨ની નોટીસ સાથે સંયુક્ત રીતે વાંચવામાં આવશે. નોટીસનો આ જણાવેલ સુધારો કંપનીની વેબસાઇટ: www.adanipower.com પર ઉપલબ્ધ છે.

સહી/-
આદરણીય **શ્રી જસ્ટીસ કે. એ. પુજ**
ઈક્વિટી શેરહોલ્ડર્સ તથા સીક્યોર્ડ કેડિટર્સ માટેની મીટિંગ્સના નિમાયેલા ચેરમેન

સહી/-
આદરણીય **શ્રી જસ્ટીસ જે. સી. ઉપાધ્યાય**
અનસીક્યોર્ડ કેડિટર્સ માટેની મીટિંગ્સના નિમાયેલા ચેરમેન

તારીખ: ૧૦મી ઓક્ટોબર, 2022
સ્થળ: અમદાવાદ

અદાણી પાવર લિમિટેડ
કોર્પોરેટ આઈડેન્ટીટી નંબર (CIN) –L40100GJ1996PLC030533
રજીસ્ટર્ડ ઓફિસ: અદાણી કોર્પોરેટ હાઉસ, શાંતિગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, એસ. જી. હાઈવે, ખોડિયાર, અમદાવાદ ૩૮૨ ૪૨૧, ગુજરાત, ભારત
ફોન નં. + 91-79-2656 7555; **ઈ-મેઈલ:** investor.apl@adani.com; **વેબસાઈટ:** www.adanipower.com

દિવ્યાંગ શિક્ષણ અધિકાર યાત્રા ગાંધીનગર પહોંચી : પડતર પ્રશ્નો ઉકેલવા રજૂઆત

૧૦૨૪ સ્પે. એજ્યુકેટરને કાયમી ધોરણે સરકારી શાળામાં સમાવેશ કરવા માંગ

। ગાંધીનગર ।

સરકારી પ્રાથમિક શાળાઓમાં દિવ્યાંગ બાળકો માટે રખાયેલા સ્પેશ્યલ એજ્યુકેટરને કાયમી ધોરણે સમાવેશ કરવા સહિતની માંગ સાથે આજે દિવ્યાંગ શિક્ષણ અધિકાર યાત્રા ગાંધીનગર પહોંચી હતી. જેમાં અઢીસો જેટલા લોકો જોડાયા હતા. આગેવાનો દ્વારા પડતર પ્રશ્નો ઉકેલવાની માંગ સાથે આવેદનપત્ર પણ આપવામાં આવ્યું હતું. ચોટીલાથી વિશિષ્ટ શિક્ષક સંઘ દ્વારા ગાંધીનગર સુધીની દિવ્યાંગ શિક્ષણ અધિકાર યાત્રા કાઢવામાં આવી હતી. જે યાત્રા આજે ગાંધીનગર ખાતે આવી પહોંચી હતી. અહિ આગેવાનોએ સરકારને આવેદનપત્ર આપ્યુ હતું. આ યાત્રા પાછળનો મુખ્ય ઉદ્દેશ પડતર પ્રશ્નો મામલે રજુઆતનો હતો. જેમાં સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા ૮૦ હજાર જેટલા દિવ્યાંગ બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે નિમણૂંક પામેલા ૧૦૨૪ જેટલા સ્પેશિયલ એજ્યુકેટર અને આઈઈડીકોઓને કાયમી ધોરણે સરકારી પ્રાથમિક શાળામાં સમાવી પગારભથ્થા સહિતના તમામ લાભો આપવાનીમાંગ કરવામાં આવી છે. છેલ્લા સાત વર્ષથી આ મુદ્દે લડત ચલાવવામાં આવી રહી છે. પરંતુ કોઈ જ પરિણામ આવ્યું નહીં હોવાનો પણ બળાપો કાઢવામાં આવ્યો હતો.

Walk in Interview
RECEPTIONIST / ADMIN EXECUTIVE
Graduate with Knowledge of English, Hindi, Gujarati & Microsoft office
Walk in with your CV & Supporting Documents
Monday to Saturday, 3 to 6 pm
NIDHI HOSPITAL
M: 9879961261, 9909917090
nidhihospital2011@gmail.com

જોઈએ છે

ગાંધી વિદ્યાપીઠ, વેડછી સંચાલિત અને વીર નર્મદ દક્ષિણ ગુરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સમાજસેવા મહાવિદ્યાલય વેડછીમાં ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા તા. ૧૪-૨-૨૦૨૨ના રોજ મળેલ એન.ઓ.સી. ક્રમાંક ગ્રા.વિ./NOC/૨૧/૨૦૨૪-૨૬ અધ્યાપકની ભરતી માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

ક્રમ	જગ્યાનું નામ	સંખ્યા	શૈક્ષણિક લાયકાત	કેટેગરી	પગાર ધોરણ
૧	અધ્યાપક (કૃષિ)	૦૧ (એક)	એમ.એસસી. (એગ્રી) ૫૫ ટકા ગુણ/એમ.આર.એસ. ૫૫ ટકા ગુણ	બીન અનામત	પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર
૨	અધ્યાપક (વિસ્તરણ)	૦૧ (એક)	એમ.એસસી. (એગ્રી) ૫૫ ટકા ગુણ/એમ.આર.એસ. ૫૫ ટકા ગુણ/એમ.એસ.ડબલ્યુ ૫૫ ટકા ગુણ	સા.શે.પ.	પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર

વધુ વિગત તેમજ લેખિત પરિક્ષાનો અભ્યાસક્રમ અને ગ્રામ વિદ્યાપીઠના કર્મચારી ઓ માટેની આચાર સંહિતા તેમજ અન્ય નિયમો સંસ્થાની વેબસાઈટ www.brscollegevedchhi.in પરથી સંપુર્ણ વિગતો ધ્યાને લઈ અરજી કરવાની રહેશે.

સંબધિત જગ્યાને અનુરુપ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૫માં તમામ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથે રજીસ્ટર એ.ડી. થી નીચેના સરનામે મળે તે રીતે અરજી કરવાની રહેશે. સરકારશ્રીના ગ્રામ વિદ્યાપીઠો માટેની આચાર સંહિતા પ્રમાણે નિમણૂંક પામનાર કર્મચારીએ ફરજીયાત કેમ્પસમાં રહેવાનું રહેશે. લેખિત પરીક્ષા માટે લાયકાત ધરાવતા ઉમેદવારની ચાદી અને સમય પત્રક માટે વેબસાઈટ જોતા રહેવું, તેમજ ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કમ્પ્યુટર બેઝિક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતા પહેલા રજુ કરવાનું રહેશે. (આ જગ્યાઓ માટે અગાઉ અરજી કરેલ હોય તો પણ ફરીથી અરજી કરવાની રહેશે. જુની અરજી રદ થયેલ છે.)

ઉમેદવારે અરજી સાથે ૧૦૦ રૂપિયા પ્રોસેસ ફી નો ડી.ડી. આચાર્યશ્રી સમાજસેવા મહાવિદ્યાલય વેડછીના નામનો જોડવાનો રહેશે. અથવા સંસ્થામાં રૂબરૂ જમા કરી રસીદ મેળવી અરજી સાથે રસીદ જોડવાની રહેશે. નિયત ફી વગરની અરજી રદ કરવામાં આવશે.

નોંધ : વચ્ચે જાહેર રજા હોવાને કારણે તા. ૨૯-૧૦-૨૦૨૨ સુધી અરજીઓ સ્વીકારવામાં આવશે.

અરજી કરવાનું સરનામું : આચાર્યશ્રી / મંત્રી
સમાજસેવા મહાવિદ્યાલય, ગાંધી વિદ્યાપીઠ, વેડછી., તા. વાલોડ, જિ. તાપી ૩૯૪૬૪૧

ગુજરાત લોકાયુક્ત આયોગ એક્ટની જોગવાઈને પડકારતી અરજી ફગાવાઈ

કાયદો ૨૦૧૩માં બનાવ્યો પરંતુ અમલમાં આવ્યો નથી

અમદાવાદ : ગુજરાત લોકાયુક્ત આયોગ એક્ટ-૨૦૧૩ બનેલો છે, તેના બદલે ગુજરાત લોકાયુક્ત એક્ટ-૧૯૮૬ અંતર્ગત બનેલા નિયમો હેઠળ લોકાયુક્તમાં કામ થાય છે, તેથી નવા કાયદાનો અમલ કરાવવાની માગ સાથે થયેલી અરજીને અરજીને હાઈકોર્ટે ફગાવી દીધી છે. સુનાવણી દરમિયાન, રાજ્ય સરકારની રજૂઆત હતી કે, ગુજરાત લોકાયુક્ત આયોગ-૨૦૧૩ બનાવવામાં આવેલો છે, પરંતુ તેને ગેઝેટમાં પબ્લિશ કરાયો ન હોવાથી તેનો અમલ કરાયો નથી. જેથી આ અરજી ટકવાપાત્ર નથી. અરજદારની રજૂઆત હતી કે, કેન્દ્ર સરકારે ભ્રષ્ટાચારને નાથવા લોકપાલ અને લોકાયુક્